## ચૂંટણી ચોતરેથી

● પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જગતજનની અંબાજીના દર્શન કર્યા અને કોંગ્રેસના પદનામિત અધ્યક્ષ રાહુલ ગાંધીએ જગતના નાથ જગન્નાથ મંદિરે પૂજન-અર્ચન કર્યા હતા.

● રાહુલ ગાંધીએ અમદાવાદની જાણીતી ગુજરાતી હોટલ 'સ્વાતી'માં ગુજરાતી ભોજન માણ્યુ હતુ.

● પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સી.પ્લેનમાં રીવરફ્રન્ટમાં રાઉન્ડ મારી લોકોનું અભિવાદન કર્યું હતું.

● પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલના પતિ મફતભાઈ પટેલની કોંગ્રેસના પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ મુલાકાત લઈ આશીર્વાદ લીધા હતા.

● વડોદરાના છાણી ખાતે હાર્દિકની જાહેરસભામાં એક યુવક મંચ પર ચડી ગયો હતો અને અભદ્ર ભાષાનો પ્રયોગ કરતાં પાસના કાર્યકરોએ તેને પકડીને બહાર કાઢતા પોલીસે ધરપકડ કરી હતી.

● જમાલપુર-ખાડીયાના ભાજપના ઉમેદવાર ભૂષણ ભટ્ટ સામે ચૂંટણી પંચમાં વાણીવિલાસ મામલે ફરિયાદ દાખલ થઈ.

● દરિયાપુરના કોંગ્રેસી ઉમેદવાર ગ્યાસુદીન શેખે કોંગ્રેસના પૂર્વ કાર્યકર્તા રાજેશ બ્રહ્મભટ્ટને મારી નાંખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસે દાખલ કરી છે.

● શહીદ અશોક તડવીની દિકરીએ એરપોર્ટ પર રાહુલ ગાંધીની મુલાકાત લીધી હતી અને પોતાના પરિવારને થઈ રહેલા અન્યાય અંગે રજૂઆત કરી હતી.

● વડોદરામાં કરણીસેનાએ કહ્યુ હતુ કે પદ્માવતી ફિલ્મ પર પ્રતિબંધ નહી લગાવાય તો મતદાન પર અસર પડશે.

● ભાભરના કપરુપરા ગામે બહારના કોંગ્રેસી ઉમેદવાર ગેનીબેન ઠાકોર પર હિંસક હુમલો કરાયો હતો.

● જામનગરના માનપર અને ગુનડા બુથ પર ૧૪મીએ પુનઃ મતદાન થશે.

● આણંદમાં ભાજપના ઉપપ્રમુખ વિજય રાજ પર કંકાપુર ગામ પાસે હુમલો થયો હતો.

● વડગામમાં કોંગ્રેસી નેતા શક્તિસિંહ ગોહિલ તથા ઠાકોરસેના અધ્યક્ષ અલ્પેશ ઠાકોર અને દલિતનેતા જીગ્નેશ મેવાણીએ એક મંચ પર ઉપસ્થિત રહી સભાને સંબોધન કર્યું હતું.

### હાર્દિક પટેલનું સોશ્યિલ મીડીયા પર સામ્રાજ્ય

મંગળવારે સાંજે ચૂંટણી પ્રચાર શાંત થઈ જશે, એક જમાનો હતો જ્યારે માત્ર અખબારો હતા, ત્યારે અખબાર માલિકો એવુ માનતા હતા કે છાપુ નિકળે તો જ સવાર પડે. પણ હવે આ ભ્રમ એક ઈતિહાસ થઈ ગયો છે. ગુજરાતના ચૂંટણી પ્રચાર દરમિયાન હાર્દિક રાજનેતાઓના ભ્રમની સાથે મીડિયા હાઉસના પણ ભ્રમને પણ તોડી નાખ્યા છે.

# બીજા તબક્કાનુ મતદાન પાટીદાર આંદોલનના પ્રભાવ હેઠળ રહેશે કે નહિ ?

ગુજરાત વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીનો અંતિમ અને નિર્ણાયક તબક્કાનું મતદાન ૧૪મી ડિસેમ્બરે છે. પ્રથમ તબક્કામાં ૧૯ જિલ્લાની ૮૯ બેઠકોનું કુલ મતદાન ૬૬.૭૫ ટકા થયું છે, ત્યારે ૨૦૧૨ની ચૂંટણીના સરેરાશ મતદાન કરતાં લગભગ ૬ ટકા વોટિંગ ઓછું થયું છે. આ પરિણામે બંન્ને રાજનિતીક પાર્ટીઓમાં એક છુપો ડર પેસી ગયો છે. બંન્ને પક્ષોમાંથી કોઈ દાવો કરીને નથી કહી શકતું કે પહેલા ચરણના વોટિંગમાં સૌથી મોટો ફાયદો તેઓને પોતાને છે... ક્યાંક થયેલા ઓછા પ્રમાણના મતદાન તો કોઈ જગ્યાએ થયેલાં ૭૫થી ૮૦ ટકા સુધીના મતદાને ઘણા સમીકરણો બગાડી નાંખવાની સંભાવના ઉભી કરે છે. જે-તે વિસ્તારને અત્યાર સુધી પોતાની પાર્ટીનો ગઢ માનતા વિસ્તારોમાં ઉંચી ટકાવારીનું મતદાન જે-તે પક્ષ માટે સન્નાટો પ્રસરાવવા એક કારણ બન્યું છે.

આવી સ્થિતીમાં ઉત્તર અને મધ્ય ગુજરાત સાથે અમદાવાદ શહેર જિલ્લા ૨૧ જેટલી બેઠકો પર નિર્ણાયક તબક્કાનું મતદાન છે અને સત્તાધારી પક્ષ ભાજપ અહીં મતદાનની ટકાવારી ઉંચે લઈ જવા માટે વિશ્વસ્ત છે.

૨૦૧૨માં ભારતીય જનતા પાર્ટીએ ૭૨ ટકા વોટિંગ ટકાવારીમાં ૪૭.૮૫ ટકા સાથે ૧૧૫ બેઠકો હાંસલ કરી હતી.




જ્યારે કોંગ્રેસના ફાળે ૩૮.૯૩ ટકા મતદાન ટકાવારી સાથે ૬૧ બેઠકો મેળવી હતી.

૨૦૧૭ની ચૂંટણીના બનતા સમીકરણપૂર્વે જ કોંગ્રેસના ૧૪ જેટલા ધારાસભ્યો પાટલી બદલી ભાજપમાં જોડાયા છે. બે ધારાસભ્યો જેમાંના એક શંકરસિંહ વાઘેલા અને પુત્ર મહેન્દ્રસિંહની સ્થિતી જુદી છે. મહેન્દ્રસિંહ ભાજપમાં જોડાવું-જોડાવું કરતાં હતા અને છેલ્લે સુધી સ્થિતી અનિર્ણાયક કહેતા તેમાં કોઈ પરિણામ સામે ના આવ્યું અને મહેન્દ્રસિંહ સ્વગૃહે જ રહ્યા. તો પિતા શંકરસિંહ વાઘેલાએ પહેલા નોરતે જ જનવિકલ્પ નામનો મોરચો ઉભો કરી ઉમેદવારો લડાવવાની જાહેરાત કરી હતી. છેલ્લા તબક્કામાં તો ૧૮૨ બેઠકો પર અને ત્યારબાદ ૭૯ જેટલી બેઠકો પર ઉમેદવારો લડાવવાની ઘોષણા પણ થઈ.

ચૂંટણી પહેલાંજ આમ-આદમી પાર્ટી સાથે ગઢબંધનની પણ શંકરસિંહે વાત કરતાં કેટલીક બેઠકો પર આપના ઉમેદવારો સામે જનવિકલ્પના ઉમેદવાર ઉભા ના રાખવાની પણ સમજૂતી વ્યક્ત કરી હતી. આમ, બાપુ શંકરસિંહ આ ચૂંટણીમાં ક્યાંક નથી છતાંય, બાપુ કહેવાય છેકે, દિલ-ઓ-દિમાગથી ભારતીય જનતા પાર્ટી સાથે જ છે.

ઉત્તર ગુજરાત અને અમદાવાદમાં હાર્દિક પટેલના સમર્થક પાટીદારો જો બંપર વોટિંગ કરશે તો આ સ્થિતી ભાજપ કે કોંગ્રેસ માટે અનિયંત્રિત એટલા માટે રહેશે કે વોટિંગથી અંદાજ નહીં આવે કે આ વોટિંગ મતદારોએ કોના તરફ કર્યું છે, જેમાં અમદાવાદ શહેર જિલ્લાની ૧૨ જેટલી બેઠકો એવી છે, જ્યાં પાટીદારોનો દબદબો કહેતા પ્રભુત્વ છે.

આમ, પણ સોમવારે ઘુમાથી નિકોલ સુધીના હાર્દિક પટેલનો રોડ-શો જો ધારી અસર વોટિંગ પર પાડશે તો પરિણામો ચોક્કસ વિપરીત સ્થિતીમાં આવી શકે છે.. આ બધા સમીકરણો અંતે તો મતદારના મિજાજ અને વોટિંગ પેટર્ન પર જ છે. અને આ માટે બીજા તબક્કાના મતદાનની રાહ જોવી જ રહી!

# ગુજરાતમાં કોંગ્રેસ ચૂંટણી જીતશે તો પાકિસ્તાનમાં ફટાકડા ફૂટશે : વિજય રૂપાણી

વિધાનસભાની બીજા તબક્કાની ચુંટણીના પ્રચાર પડધમ થંભી જશે ત્યારે પ્રચારના છેલ્લા દિવશે આજે આણંદના અંબાજી મંદિર પાસે ગુજરાતના મુખ્યમંત્રીની




જાહેર સભા યોજાઈ હતી, જેમાં મુખ્યમંત્રીએ ૧૫ મિનીટમાં જ બે અલગ અલગ નિવેદનો કર્યા હતા.

આણંદમાં અંબાજી મંદિર પાસે યોજાયેલ જાહેર સભાને સંબોધતા મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, જો ૧૫મી તારીખે ગુજરાતમાં ભાજપ જીતશે તો ગુજરાતમાં લોકો આતશબાજી કરી દિવાળી મનાવશે, પણ જો કોંગ્રેસની ગુજરાતમાં જીત થશે તો પાકિસ્તાનમાં લોકો ફટાકડા ફોડવાના છે. ગુજરાતમાં ભાજપની જીત થશે તો ગુજરાતમાં ફટાકડા ફોડી દિવાળી મનાવવામાં આવશે, પણ જો કોંગ્રેસ જીતશે તો પાકિસ્તાનમાં ફટાકડા ફૂટશે તે વાત નક્કી છે.

# નરેન્દ્ર મોદી ચૂંટણી પ્રચાર દરમિયાન હાર્દિકનો ઉલ્લેખ કરવાનુ ટાળતા રહ્યા

ગુજરાત ભાજપનુ હોમગ્રાઉન્ડ રહ્યુ છે. ૧૯૯૫માં ભાજપે ગુજરાતમાં સત્તા હાસલ કરી ત્યારબાદ ક્રમશઃ તેઓ એક પછી એક રાજ્ય સર કરવા લાગ્યા અને ૨૦૧૪માં જંગી બહુમતી મેળવી કેન્દ્રમાં પણ સત્તા હાંસલ કરી હતી. આમ ગુજરાતમાં ૨૨ વર્ષ સુધી એકચક્રી શાસન કરનાર ભાજપને પહેલી વખત પડકારનો સામનો કરવો પડી રહ્યો છે. જેના કારણે સ્વભાવીક રીતે નરેન્દ્ર મોદી તે પડકારને ખાળવા માટે રાત દિવસ પ્રવાસ અને સભાઓ કરી રહ્યા છે. આ પ્રવાસ અને સભાઓ દરમિયાન તેમણે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સહિત અનેક નેતાઓને આડે હાથ લીધા હતા. પણ માત્ર તેમણે ક્યારેય હાર્દિક પટેલના નામનો ઉલ્લેખ સુદ્ધા કર્યો નથી.

નરેન્દ્ર મોદી પોલીટીકલ સાયન્સના વિદ્યાર્થી રહ્યા છે. તેમણે





ખબર છે કે ગુજરાતની ચૂંટણીમાં ખરો પડકાર કોની તરફથી છે. ગુજરાત કોંગ્રેસ જે રીતે પ્રજાની વચ્ચે જઈ રહી છે, ખરેખર તે કોંગ્રેસની તાકાત નથી, જો હાર્દિક પટેલે ભાજપની વિરૂદ્ધ પ્રચારના મંડાણ કર્યા ના હોત તો ભાજપને કોઈ મોટા પડકારનો સામનો કરવાનો ન્હોતો, રાહુલ ગાંધી કરતા પણ વધુ ભાજપ અને મોદી માટે કોઈ મોટો પડકાર હોય તો તે હાર્દિક પટેલ છે. હાર્દિક જે રીતે આક્રમક બની નરેન્દ્ર મોદીની જ સ્ટાઈલમાં નરેન્દ્ર મોદી, અમીત શાહ અને ભાજપ ઉપર પ્રહાર કરી રહ્યો છે તે જોઈ નરેન્દ્ર મોદી સમજી ગયા કે મારી ભાષામાં મને કોઈ જવાબ આપી શકે તો તે હાર્દિક પટેલ છે.

હાર્દિક પટેલનુ નામ લઈ અથવા તેની ઉપર કોઈ આરોપ મુકી તેઓ હાર્દિકને છંછેડવા માગતા ન્હોતા, કારણ જો હાર્દિક મોદીને જ નિશાન બનાવે તો તે પણ છેલ્લા પાયરી ઉપર ઉભો કરી નરેન્દ્ર મોદીને જવાબ આપી શકે છે. આ સંજોગોમાં નરેન્દ્ર મોદી પોતાનુ અપમાન એક નાના છોકરા પાસે કરાવવા માંગતા ન્હોતા, જેના કારણે જેમના ઝંઝાવાતી પ્રચારમાં તેમણે એક પણ વખત સમખાવા પુરતો પણ હાર્દિકનું નામ લીધુ નહી અને તેની ઉપર કોઈ આરોપ પણ મુક્યો નહી. તે જ પ્રકારે નરેન્દ્ર મોદી રામ મંદિર, હિન્દુ-મુસ્લીમ અને પાકિસ્તાન સહિત તમામ વિષય ઉપર બોલ્યા પણ એક પણ વખત તેમણે પોતાની સભામાં પટેલ જ્ઞાતિ અથવા પાટીદાર શબ્દનો પ્રયોગ કર્યો નથી.

ભાજપની હમણાં સુધી અકબંધ રહેલી પાટીદાર વોટ બેંકમાં ગાબડા પડ્યા હોવા છતાં તે પાટીદાર શબ્દનો પ્રયોગ કરી પોતાના ગઢમાં આગ લાગે નહીં તેની તકેદારી રાખતા હતા. ૨૦૧૪ની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીને અંદાજ હતો કે મોદીને તેમની ભાષામાં જવાબ આપી શકે તેવો એક જ નેતા હતો અને તે અરવિંદ કેજરીવાલ હતો, જેના કારણે તેમણે ૨૦૧૪માં બધા નેતાઓને ભાંડ્યા પણ એક પણ વખત અરવિંદ કેજરીવાલનું નામ સુદ્ધા લીધુ ન્હોતુ, તે પ્રકારે ગુજરાતની ચૂંટણીમાં તેઓ હાર્દિક પટેલથી દુર રહ્યા.

# પીએમ મોદીની ખૂબસુરતીનું રાજ છે તાઈવાન મશરૂમ : અલ્પેશ ઠાકોર

કોંગ્રેસ અને ઓબીસી નેતા તથા ઠાકોર સેનાના પ્રમુખ અલ્પેશ ઠાકોરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તંદુરસ્તી અને ગૌરવર્ણ અંગે અજીબો ગરીબ વાત મંગળવારે એક જનસભામાં જણાવી હતી. નોંધનીય છે કે હાલ ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં બીજા તબક્કાના મતદાન પહેલા છેલ્લા સમયનો ચૂંટણી પ્રચાર ચાલી રહ્યો છે. ત્યારે અલ્પેશ ઠાકોરે એક જનસભામાં કહ્યું કે પીએમ મોદી તાઈવાનના એક મશરૂમ ખાય છે. આ એક મશરૂમની કિંમત ૮૦ હજાર રૂપિયા છે અને તે આવા રોજના ૫ મશરૂમ ખાય છે. અલ્પેશ ઠાકોરે જનસભામાં મોદી પર કટાક્ષ કરતા કહ્યું કે મોદીનો આપણા સામાન્ય



લોકો અને દલીતો જેવું ખાવાનું પણ નથી ખાતા. તે ખાસ તાઈવાનના મશરૂમ ખાય છે. એક મશરૂમની કિંમત ૮૦ હજાર છે અને તે આવા દિવસના ૫ મશરૂમ ખાઈ જાય છે. અને તે જ કારણે તે પહેલા મારા જેવા કાળા હતા હવે ગૌરા થઈ ગયા છે.

# જન વિકલ્પ મોરચાના ઉમેદવાર કરણસિંહ વાઘેલાનું શક્તિ પ્રદર્શન

ગાંધીનગર, તા. ૧૨

આજે ગાંધીનગર શહેર રાજકીય રંગે બરાબરનું રંગાઈ ગયુ હતુ. સાંજે ૫ કલાકે પ્રચાર પડધમ





શાંત થવાના હોવાથી ઉમેદવારોએ આજે શહેરી અને ગ્રામ્ય વિસ્તાર ખુંદી વળ્યા હતા. ત્યારે ગાંધીનગર ૩૬ ઉત્તર વિધાનસભા બેઠકના જન વિકલ્પ મોરચાના લોકપ્રિય ઉમેદવાર કરણસિંહ વાઘેલાએ પણ વિશાળ રેલી કાઢી શક્તિ પ્રદર્શન કર્યુ હતુ. આ શક્તિ પ્રદર્શનમાં ટ્રેક્ટરો, બાઈકો અને ગાડીઓ સાથે હજ્જારો કાર્યકર્તાઓ જોડાયા હતા. જન વિકલ્પ મોરચાની રેલીને નગરજનો દ્વારા ઠેર ઠેર ભવ્ય પ્રતિસાદ સાંપડ્યો છે. જન વિકલ્પ મોરચાની સવારે ૧૧ કલાકે નીકળેલી રેલી સાંજે ૪ કલાકે કાર્યાલય ખાતે પૂર્ણ થઈ હતી.

જન વિકલ્પ પાર્ટીની વિશાળ રેલીનો પ્રારંભ સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજથી થયો હતો. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત નાગરીકો અને કાર્યકર્તાઓને સંબોધન કરતા તેઓએ જણાવ્યુ હતુ કે ધારાસભ્યને મળતા તમામ સરકારી લાભો જતા કરી એ નાના ગરીબ કલ્યાણ ફંડમાં જમા કરાવી ગરીબોના હિતમાં વાપરવાનો સંકલ્પ કરી જનમેદનીના હૈયા જીતી લીધા હતા. સમગ્ર ગુજરાતમાં ચૂંટણી પહેલા આવો કલ્યાણકારી સંકલ્પ કરનાર કરણસિંહ પ્રથમ ઉમેદવાર હશે. સવારે ક-૭ પાસેથી પ્રારંભ થયેલી રેલી આદિવાડા, થઈને ઘ-૭ પહોંચી હતી. ત્યાંથી પેથાપુરના મતદારોને મળી પરત ઘ-માર્ગે શહેરમાં પ્રવેશી હતી. જેમાં સે. ૨૮, ૨૯, ૩૦, ૨૧, ૨૨, ૧૬, ૧૭, ૧૫, ૧૪, ૧૩, ૧૨ થઈ નવા સેક્ટરોમાં ટ્રેક્ટર રેલી પ્રવેશી હતી. કરણસિંહને રેલીમાં દરેક સ્થળે નગરજનોનો લોક પ્રતિસાદ, સમર્થન અને આશિર્વાદની વર્ષા સતત મળતી રહેતી હતી. જનતા જનાર્દનનો અભિવાદન કરતા રેલી ૧ થી ૮ સેક્ટરના આંતરીક માર્ગો પર ફરી હતી. રેલીમાં આટલી મોટી સંખ્યામાં ટ્રેક્ટર, ગાડીઓ, બાઈકો સહિત કાર્યકર્તાઓ જોઈ અન્ય પક્ષના કાર્યકર્તાઓ પણ અંદરો અંદર ચર્ચાઓ કરતા નજરે પડતા હતા. રેલીના વિરામ સમયે કરણસિંહે સમયનો સદઉપયોગ કરી સચિવાલયના કર્મચારીઓને મળ્યા હતા.

# પ્રચારના અંતિમ દિવસે રોહિત નાયાણી ગામડાઓ ખુંદી વળ્યા

બીજા તબક્કાની ચૂંટણીનું ગુરૂવારે મતદાન યોજાશે. ત્યારે આજે પ્રચારના અંતિમ દિવસે મતદારો સુધી પહોંચવા માટે ઉમેદવારોએ રીતસરની દોટ લગાવી હતી. આજે ગાંધીનગર શહેર સવારથી જ ચૂંટણીના રંગે રંગાયેલુ જોવા મળતુ હતુ. ત્યારે એનસીપીના ઉમેદવાર રોહિત નાયાણીએ આજે ઉત્તરની બેઠકમાં સમાવેશ ૧૩ ગામડાઓમાં રેલી યોજીને ઝંઝાવાતી પ્રચાર કર્યો હતો. સાંજે ૫ કલાકે પ્રચાર-પ્રસારના પડધમ શાંત થવાના હોવાથી વધુમાં વધુ મતદારો સુધી પહોંચવા તેઓએ પ્રયાસ કર્યો હતો. સવારથી સાંજ સુધીમાં તેઓએ ૧૩ ગામડા ખુંદી વળ્યા હતા. અને બપોરે ૪ કલાકે રેલીનું સમાપન વાસણ ગામે કરી મહાદેવજીના દર્શન કરી ધન્યતા અનુભવીને જીતનો આશાવાદ વ્યક્ત કર્યો હતો. વિધાનસભા-૨૬ બેઠકના એનસીપીના ઉમેદવાર રોહિત નાયાણી આજે પ્રચારના છેલ્લા દિવસે સવારથી જ રેલી યોજી મોટી સંખ્યામાં કાર અને કાર્યકર્તાઓના કાફલા સાથે ગ્રામ્ય વિસ્તારના મતદારોને મળ્યા હતા. દરેક ગામમાં એનસીપીના ઉમેદવાર રોહિત નાયાણીનું ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અને નાગરીકો તરફથી જોરદાર લોક પ્રતિસાદ સાંપડ્યો હતો. મતદારોના અભિવાદન ઝીલતા-ઝીલતા રેલી એક ગામથી બીજા ગામમાં પ્રવેશી રહી હતી. સવારથી બપોર સુધીમાં તેઓ પીંપળજ, પીંડારડા, ઉનાવા, રાંધેજા, રૂપાલ, સરઢવ, સોનીપુર, જલુંદ અને વાસન ગામના મતદારોને મળીને તા. ૧૪મીએ મતદાન કરવા હાંકલ કરી હતી.

# બેનામી સંપત્તિ સામે 'મોદી જંગ' છેડશે : કાદવમાં પથરાં ફેંકશો તો ગંદા પાણીના છાંટા તમને ઉડશે

યુપીએ-૨ ની જેમ એનડીએ-૨ આવે તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમનો ૨૦૧૯નો રોડમેપ તૈયાર કર્યો છે. ભ્રષ્ટાચાર અને કોભાંડ અંગે બોલો તો તે લોકોને ગમે છે તેવું મોદી માની રહ્યાં છે. લોકોને એમ કહીએ કે હું તો દેશના સૈનિકો માટે આ બધું કરૂં છું તો લોકો તાલીઓ પાડશે. મોદી એમ કહે કે કોંગ્રેસનો હું દેશમાંથી સફાયો કરી નાંખીશ તો લોકો ઉત્સાહમાં આવીને મોદી...મોદી...ના નારા લગાવે છે.

ભારતના અર્થશાસ્ત્રીઓ કહે છે કે નોટબંધી અને જીએસટીના અમલથી દેશનો વિકાસ પાંચ વર્ષ પાછળ ધકેલાઈ ગયો છે પરંતુ મોદી સરકાર તે માનવા તૈયાર નથી. મોદીએ એમ છે કે લોકો તેમના પગલાંને વધાવી રહ્યાં છે. બે પાંચ એજન્સીઓ વાહવાહ કરશે એટલે મિડીયા લખશે કે ૨૦૧૯માં મોદી જ ફરીથી આવશે. આપણે આપણા આત્માને મારી નાંખ્યો છે.

પેટ્રોલ અને ડિઝલના ભાવવધારા સંદર્ભમાં યુપીએને ગાળો દેતાં ભાજપના નેતાઓ સારા લાગે છે અને કોંગ્રેસ નકામી બની ગઈ છે. મોદીની સાથે હોય તે સારા અને કોંગ્રેસના ગુણગાન ગાય એ ત્રાસવાદી અને દેશદ્રોહી ગણાય છે. આપણે આત્મખોજ કરતા નથી. આપણા માટે કોંગ્રેસ અને ભાજપ બન્ને એક ત્રાજવાના બે પલ્લાં છે. એક શાસક છે અને બીજો વિપક્ષ છે. શાસકને સંવેદનશીલ બનાવવો હોય તો વિપક્ષની મજબૂતી પણ તેટલી જ જરૂરી છે.

## કોંગ્રસના નેતાઓની સંપત્તિ જપ્ત થશે એટલે ભાજપ ઉપર આંગળી ચિંધાશે

મોદીએ નોટબંધી બાદ પોતાનો આગળનો ટારગેટ બેનામી સંપત્તિને બનાવ્યો છે અને તેમનો પ્લાન છે કે બેનામી સંપત્તિ વિરુદ્ધ સમગ્ર દેશમાં અભિયાન ચલાવવામાં આવશે. હકીકતમાં નોટબંધીના એકવર્ષ થવા પર મોદી કરપ્શન વિરુદ્ધ સમગ્ર દેશમાં જંગ ચાલુ રાખવાનો મજબૂત સંકેત આપવા માંગે છે. અભિયાનમાં જો માલિકી હકના કાયદાકીય રીતે સબૂત નહીં મળે તો આવી બેનામી સંપત્તિઓને સરકાર જપ્ત કરી શકે છે. આ બેનામી સંપત્તિઓને પણ ગરીબોની યોજના સાથે જોડવામાં આવશે.




જેવી રીતે બ્લેક મની માટે ફરીથી લવાયેલી ડિસ્કલોઝર સ્કીમ અંતર્ગત રકમ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજનામાં નાખવામાં આવી હતી. સરકારને આશા છે કે બેનામી સંપત્તિ વિરુદ્ધના અભિયાનમાં ઘણા મોટો વ્હાઈટ કોલર નેતાઓ પર ગાજ પડી શકે છે. મોદી સરકાર ૨૦૧૯ની ચૂંટણી સુધી આ મુદ્દાને બનાવી રાખવા માંગે છે અને કરપ્શનના મુદ્દા પર જ ચૂંટણી લડવાની રણનીતિ બનાવી ચૂક્યા છે.

## ભાજપના ગુણગાન ગાય એ સારા અને ટીકાઓ કરે તે દેશદ્રોહી - એમ ન હોય

સરકારનું માનવું છે કે એકવર્ષ બાદ જ્યારે નોટબંધી પછીની પરિસ્થિતિ સુધરી છે, તો અન્ય અભિયાન શરૂ થવાથી તેનો સકારાત્મક સંદેશ ખાસકરીને ગરીબો વચ્ચે જઈ શકે છે. આ ઉપરાંત કરપ્શનને રોકવા માટે બનેલા આ બીલ અથવા પહેલ પર નરેન્દ્ર મોદી કઠોર અને નિર્ણયાક પગલા લઈ શકે છે.

હિમાચલ પ્રદેશની ચૂંટણી સભામાં મોદીએ સ્પષ્ટ સંકેત આપી દીધો છે કે તેમની હવે પછીની લડાઈ બેનામી સંપત્તિ જપ્ત કરવાની છે.

## ગુજરાતમાં વિપક્ષને ૭૫ થી ૮૦ બેઠકો મળવી જોઇએ, તો જ સાચી લોકશાહી

આ સંપત્તિમાં કોંગ્રેસના નેતાઓની સાથે સાથે ભાજપના નેતાઓ પણ આવી શકે છે, એટલે કે મોદીને બન્ને મોરચે લડવાનું છે. સ્વાભાવિક છે કે કોંગ્રેસના નેતાની સંપત્તિ જપ્ત થશે એટલે ભાજપના નેતાઓની સંપત્તિઓ સામે આંગળી ઉંચી થવાની છે અને સઘળાં મામલા અદાલતમાં જવાના છે ત્યારે ભારતમાં આગામી વર્ષ પણ અત્યંત કઠોર બનીને આવી રહ્યું છે. ૨૦૧૮ અને ૨૦૧૯ એ વધારે કઠોર છે.

ગુજરાતની ચૂંટણીમાં ભલે ભાજપની સરકાર આવે, પરંતુ ૭૫ થી ૮૦ બેઠકો સાથે વિપક્ષ મજબૂત સ્થાને હોવો જોઈએ. સરકાર તેની મનમાની ન કરે તે માટે કોઈ ચેકમેટ તો હોવો જોઈએ. વિપક્ષને હંમેશા જનતાની પડખે રહેવાનું હોય છે. વિપક્ષે પણ સમજી લેવાનું રહે છે કે તે સરકારમાં સેટીંગ કરીને પોતાનો અંગત સ્વાર્થ ન જુએ, લોકોના કામમાં તેમજ શાસક પક્ષે આપેલા વચનોની પૂર્તિ માટે વિપક્ષે તાકાતથી વિધાનસભામાં લડવાનું છે.